# દેવદિવાળીએ 2.50 લાખ પશુપાલકોને બોનસ

**સુમુલ** ડેરીના 75 વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર ભાવમાં કિલો ફેટે ₹.50નો માતબર વધારો

**ચેરમેન** કાંતિભાઈ ગામિત અને વાઇસ ચેરમેન ભરતસિંહ સોલંકીના નેતૃત્વમાં બોર્ડનો સર્વાનુમતે નિર્ણય

સુરત : સુરત અને તાપી જિલ્લાના પશુપાલકો માટે સુમુલ ડેરીએ દેવદીવાળીના એક દિવસ પહેલા જ મોટી ખુશખબર આપી છે. સુમુલ ડેરીના 75 વર્ષના ઇતિહાસમાં પ્રથમવાર ગાય અને ભેંસના દૂધના ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટે એકસાથે ₹.50-50નો માતબર વધારો જાહેર કરવામાં આવ્યો છે.

સુમુલ ડેરીના ચેરમેન કાંતિભાઈ ગામિત અને વાઇસ ચેરમેન ભરતસિંહ સોલંકીના નેતૃત્વમાં તેમજ માજી ચેરમેન રાજુભાઈ પાઠક અને ડિરેક્ટર ધારાસભ્ય સંદીપ દેસાઈના માર્ગદર્શન હેઠળ આ ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે યોજાયેલી સુમુલ ડેરીની બોર્ડ મિટિંગમાં પ્રમુખ, ઉપપ્રમુખ સહિત તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા સર્વાનુમતે ભાવવધારાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણયથી સુરત અને તાપી જિલ્લાના અંદાજે 2.50 લાખ પશુપાલકોની આવકમાં મોટો વધારો થશે.

આ ભાવ વધારાને કારણે સુરત અને તાપી જિલ્લાના પશુપાલકોને માર્ચ-2027 સુધીમાં અંદાજે ₹.70 કરોડથી વધુની વધારાની આવક પ્રાપ્ત થશે. જો માસિક ધોરણે અંદાજે ₹.16.50 લાખની રકમ વધારે જશે, જે ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી પ્રદાન કરશે. ડેરી દ્વારા આ જાહેરાત કરવામાં આવતા પશુપાલકોએ આ વધારાને 'દિવાળી બોનસ' તરીકે વધાવ્યો છે.

સુમુલ ડેરી દ્વારા અગાઉ ગાયના દૂધના પ્રતિ કિલો ફેટના ₹.900 ચૂકવવામાં આવતા હતા, જે વધારીને હવે ₹.950 કરવામાં આવ્યા છે. તેવી જ રીતે ભેંસના દૂધના પ્રતિ કિલો ફેટના ₹.930ના ભાવ વધારીને ₹.980 કરવામાં આવ્યા છે. ભાવવધારો તાત્કાલિક અસરથી અમલી બનશે.

### પશુપાલકોને ગાયના દૂધના 950 અને ભેંસના દૂધના ₹. 980 ચૂકવાશે

| દૂધનો પ્રકાર | જૂનો ભાવ | નવો ભાવ |
|---|---|---|
| ગાયનું દૂધ | ₹..900 | ₹.950 |
| ભેંસનું દૂધ | ₹.930 | ₹.980 |

સુમુલના ચેરમેન કાંતિભાઈ ગામિતે જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાત રાજ્યમાં સુમુલ ડેરી પશુપાલકોને સૌથી વધુ ભાવ ચૂકવતી સંસ્થા છે. પશુપાલકોની આર્થિક સ્થિતિ મજબૂત બને અને પશુપાલન વ્યવસાય ટકી રહે તે માટે ડેરી સતત પ્રયત્નશીલ છે. ભાવવધારાના નિર્ણયને પશુપાલકોએ દિવાળી બોનસ સમાન ગણાવ્યો છે. પશુપાલકોના જણાવ્યા મુજબ ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારા વચ્ચે સુમુલનો આ નિર્ણય સંજીવની સમાન સાબિત થશે અને ગ્રામીણ અર્થતંત્રને પણ નવી મજબૂતી આપશે.

સુમુલ ડેરીના વાઇસ ચેરમેન ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ઘાસચારા અને પશુઆહારના વધતા ખર્ચ વચ્ચે મોટી રાહત બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવી છે. અલનીનોની પરિસ્થિતિને કારણે ઘાસચારા અને પશુઆહારના ભાવમાં વધારો થયો છે. પેટ્રોલ-ડીઝલના વધતા ભાવ તેમજ પશુઓની સારસંભાળના ખર્ચને કારણે પશુપાલકોનો દૂધ ઉત્પાદન ખર્ચ સતત વધી રહ્યો હતો. આવી સ્થિતિમાં પશુપાલકોને આર્થિક ટેકો આપવા માટે ડેરીએ ભાવવધારાનો નિર્ણય કર્યો છે.

### સુમુલ ડેરીના એમ.ડી.અરુણ પુરોહિતનું રાજીનામું, OSD તરીકે પૂર્વ એમડી. ડો.પી.આર.પાંડેની નિયુક્તિ

સુમુલ ડેરીમાં ભાજપના બે જૂથોની સત્તાની સાઠમારીથી ત્રાસી ગયેલા સુમુલના મેનેજિંગ ડિરેક્ટર અરુણ પુરોહિતે આપેલું રાજીનામું આજે બોર્ડ ઓફ મેનેજમેન્ટ એ મંજૂર કર્યું હતું.અને નવા એમડી.ની નિયુક્તિ ન થાય ત્યાં સુધી ડેરીનું સંચાલન સુચારૂપથી ચાલે એ માટે OSD તરીકે પૂર્વ એમડી. ડો.પી.આર.પાંડેની નિયુક્તિ સર્વાનુમતે નિયુક્તિ કરી હતી.સુમુલના એમડી. અરૂણ પુરોહિતની નિવૃત્તિને એક વર્ષનો સમય હજી બાકી હતો એ પેહલા તેઓએ રાજીનામું આપી દેતા સહકારી ક્ષેત્રમાં એને લઈ ચર્ચાઓ ઉપડી છે.

# સરપંચ પદના રોટેશનથી ૪૯૦ ગામોમાં સમીકરણો બદલાયાં

**૧૧** તાલુકાની ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણીની તૈયારી તેજ, ૧૩માં પેટા ચૂંટણી થશે

**વોર્ડવાઇઝ** રોટેશન બાદ ઉમેદવારોની દાવેદારીનો માર્ગ થશે સ્પષ્ટ

### સૌની નજર ગ્રામ પંચાયતોમાં વોર્ડવાઇઝ સભ્ય બેઠકોનાં રોટેશન પર

હવે સૌની નજર ગ્રામ પંચાયતોમાં વોર્ડવાઇઝ સભ્ય બેઠકોના રોટેશન પર છે. આ રોટેશન જાહેર થયા બાદ ચૂંટણી લડવા ઇચ્છુક ઉમેદવારો પોતાની બેઠકની અનામત સ્થિતિ જાણી શકશે અને ઉમેદવારીનાં સમીકરણો વધુ સ્પષ્ટ થશે. ત્યારબાદ ગામેગામ બેઠકો, સમર્થકોની ગોઠવણ અને ઉમેદવારોની પસંદગીનો દોર તેજ બનશે.

સુરત : સુરત જિલ્લાના ૪૯૦ ગામોમાં સરપંચ બનવા માટે રાજકીય ગણતરીઓનો દોર શરૂ થઈ ગયો છે. સરપંચ પદનું અનામત રોટેશન જાહેર થતાં જ અનેક ગામોમાં ચૂંટણી લડવાની તૈયારી કરી રહેલા દાવેદારોનાં સમીકરણો બદલાઈ ગયાં છે. ક્યાંક નવા ચહેરાઓને તક મળવાની શક્યતા ઊભી થઈ છે તો ક્યાંક અનામતની કેટેગરી બદલાતાં અગાઉથી તૈયારી કરી રહેલા સંભવિત ઉમેદવારોને હવે નવેસરથી વ્યૂહરચના ઘડવાની નોબત આવી છે. નવેમ્બરના અંત સુધીમાં ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની શક્યતા વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય હલચલ તેજ બની છે. જે રોટેશન જાહેર કરવામાં આવ્યું તેમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિનઅનામત (સામાન્ય વર્ગ) માટે બેઠકો નક્કી કરવામાં આવી છે.

આ ઉપરાંત દરેક અનામત કેટેગરી અને સામાન્ય વર્ગમાં મહિલાઓ માટે પણ સરપંચ પદ અનામત રાખવામાં આવ્યાં છે. જિલ્લાના ઓલપાડ, માંગરોળ, ઉમરપાડા, માંડવી, કામરેજ, ચોર્યાસી, પલસાણા, બારડોલી, મહુવા, અરેઠ અને અંબિકા સહિતના ૧૧ તાલુકાની કુલ ૪૯૦ ગ્રામ પંચાયતોમાં સામાન્ય ચૂંટણી યોજાશે. જ્યારે અન્ય ૧૩ ગામોમાં પેટાચૂંટણી યોજાવાની છે. રોટેશન જાહેર થયા બાદ હવે કયા ગામમાં કઈ કેટેગરીનું સરપંચ પદ રહેશે તે સ્પષ્ટ થતાં સંભવિત ઉમેદવારો અને તેમના સમર્થકો સક્રિય થયા છે.

# રાજ્યની નવી નવ મનપાઓને સરકારી જમીન વિનામૂલ્યે મળશે

**11 પ્રકારની** સુવિધાઓ માટે પાંચ વર્ષ સુધી ખાસ રાહત

### એક હેક્ટર સુધીની જમીન માટે પ્રક્રિયા સરળ

નવા નિયમો હેઠળ એક હેક્ટર સુધીની સરકારી જમીન શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને તબદીલ કરવાની પ્રક્રિયા સરળ બનાવાઈ છે. એક હેક્ટરથી વધુ જમીનની માગણી હોય અથવા ગૌચર જમીનની જરૂર પડે તો રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે. જમીન મેળવવા માટે સંબંધિત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરે આઈ-ઓરા પોર્ટલ મારફતે કલેક્ટરને અરજી કરવાની રહેશે. ગૌચર જમીનનો ઉપયોગ કરવાની સ્થિતિમાં નીતિ મુજબ એટલી જ અન્ય સરકારી પડતર જમીન ગૌચર તરીકે અનામત રાખવાની રહેશે. ફાળવાયેલી જમીનનો ઉપયોગ માત્ર નક્કી કરાયેલા જાહેર હેતુ માટે જ કરી શકાશે. જમીનની માલિકી સરકારની જ રહેશે અને નિર્ધારિત હેતુ માટે ઉપયોગ ન થાય તો સરકાર તેને પરત લઈ શકશે. આ ખાસ છૂટછાટ ઠરાવ પ્રસિદ્ધ થયાની તારીખથી પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે. નવી મહાનગરપાલિકાઓ પાસે પૂરતી જમીનનો અભાવ અને જમીન ખરીદવાથી ઊભા થનારા આર્થિક ભારણને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ લેવાયેલા આ નિર્ણયથી નવ નવરચિત મહાનગરપાલિકાઓમાં શહેરી સુવિધાઓના વિસ્તરણ અને માળખાકીય વિકાસને વેગ મળવાની અપેક્ષા છે.

ગાંધીનગર: ગુજરાતમાં નવી બનેલી નવ મહાનગરપાલિકાઓમાં હવે વહીવટી અને પાયાની નાગરિક સુવિધાઓ ઊભી કરવાનો રસ્તો સરળ બનશે.

રાજ્ય સરકારે નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર, મોરબી, પોરબંદર અને ગાંધીધામ મહાનગરપાલિકાઓને જાહેર સુવિધાઓ માટે સરકારી જમીન વિનામૂલ્યે આપવાનો નિર્ણય કર્યો છે.

આ માટે પ્રવર્તમાન જમીન ફાળવણીના નિયમોમાં પાંચ વર્ષ સુધી ખાસ છૂટછાટ અપાઈ છે. પરિણામે નવી મહાનગરપાલિકાઓને જમીન ખરીદવા પાછળ મોટો ખર્ચ કરવાની જરૂર નહીં પડે અને શહેરોમાં વહીવટી કચેરીઓથી લઈને પાણી, ગટર, સ્વચ્છતા તથા અગ્નિશમન જેવી પાયાની સુવિધાઓ ઊભી કરવાનું કામ આગળ વધી શકશે. મહેસૂલ વિભાગના નવા ઠરાવ મુજબ, 11 પ્રકારની જાહેર સુવિધાઓ માટે જમીન ફાળવી શકાશે. તેમાં મહાનગર સેવા સદન, ફાયર સ્ટેશન, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ ગટર, પમ્પિંગ સ્ટેશન, પાણી પુરવઠા યોજનાઓ, કચરા વ્યવસ્થાપન પ્લાન્ટ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, બાળવાડી, ટાઉન હોલ, કોમ્યુનિટી હોલ અને કન્વેન્શન સેન્ટરનો સમાવેશ થાય છે.

**સુરત જિલ્લાનાં તમામ મતદાન મથકો પર ૨૯ નવેમ્બરથી ખાસ કેમ્પ**

# મતદારયાદીમાં નામ ઉમેરવા કે સુધારા કરાવવા ત્રણ રવિવારે મળશે તક

**૧૮ વર્ષ** પૂર્ણ કરનારા યુવાનો પણ મતદાર બની શકશે

**BLO** સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી હાજર રહેશે

સુરતઃ મતદારયાદીમાં નામ નોંધાવવાનું રહી ગયું હોય, નામ કે સરનામામાં ભૂલ હોય અથવા વિગતોમાં સુધારો કરાવવાનો હોય તેવા નાગરિકો માટે ચૂંટણી તંત્ર દ્વારા ત્રણ રવિવાર ખાસ ઝુંબેશ યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૨૭ અંતર્ગત સુરત જિલ્લાના તમામ મતદાન મથકો પર ૨૯ નવેમ્બર, ૬ ડિસેમ્બર અને ૧૩ ડિસેમ્બરના રોજ ખાસ કેમ્પ યોજાશે. સામાન્ય દિવસોમાં મતદારયાદી સંબંધિત કામગીરી માટે કચેરીઓના ધક્કા ખાવા પડતા નાગરિકોને હવે રવિવારે પોતાના જ મતદાન મથકે આ સુવિધા મળશે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટોવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત ત્રણેય રવિવારે સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત બુથ લેવલ ઓફિસર (BLO) પોતાના મતદાન મથકે હાજર રહેશે અને મતદારોની અરજીઓ સ્વીકારશે. ખાસ કરીને ૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનારા યુવાનો માટે મતદાર બનવાની આ મહત્વપૂર્ણ તક છે. નવા મતદાર તરીકે નામ નોંધાવવા ફોર્મ નંબર-૬ ભરી શકાશે. જ્યારે મતદારયાદીમાં નામ, સરનામું કે અન્ય વિગતોમાં ભૂલ હોય તો તેમાં સુધારા માટે તથા સરનામું બદલાયું હોય તો જરૂરી ફેરફાર માટે અરજી કરી શકાશે. આ ઉપરાંત, નિયમ મુજબ નામ કમી કરાવવા માટે પણ સંબંધિત ફોર્મ ભરી શકાશે. ચૂંટણી તંત્ર દ્વારા નાગરિકોને કેમ્પમાં આવતા સમયે જરૂરી ઓળખના પુરાવા અને સરનામાના પુરાવા સાથે રાખવા સૂચના આપવામાં આવી છે. મતદારયાદીમાં પોતાનું નામ અને વિગતોની ચકાસણી કરાવીને જરૂરી સુધારા કરાવવાની સાથે અગાઉ નોંધણીથી વંચિત રહી ગયેલા લાયક નાગરિકો પણ આ ઝુંબેશનો લાભ લઈ શકશે. મતદારયાદી વધુ ચોકસાઈપૂર્ણ બને અને એકપણ લાયક નાગરિક મતાધિકારથી વંચિત ન રહે તે માટે જિલ્લા ચૂંટણી તંત્રએ વધુમાં વધુ નાગરિકોને ભાગ લેવા અપીલ કરી છે.

# દાદા ભગવાનની જન્મજયંતીથી માંડી કાર્તિકી સમૈયામાં CMએ ભાગ લીધો

**આણંદમાં** દાદા ભગવાનની ૧૧૯મી જન્મજયંતીની ઉજવણીમાં સહભાગી થયા ભૂપેન્દ્ર પટેલ

**વડતાલમાં** પ્રવેશદ્વાર અને કુમાર શાળાના લોકાર્પણ સાથે નશામુક્ત ભારત માટે સંતો-ભક્તોને જોડાવા અપીલ



ગાંધીનગરઃ ધાર્મિક આસ્થા સાથે માનવસેવા, શિક્ષણ અને સમાજકલ્યાણના સંદેશને જોડતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે આણંદ અને વડતાલના ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપી હતી. આણંદમાં પરમ પૂજ્ય દાદા ભગવાનની ૧૧૯મી જન્મજયંતીના મહોત્સવમાં સહભાગી થઈ આશીર્વાદ મેળવ્યા હતા, જ્યારે વડતાલ સ્વામિનારાયણ મંદિરના કાર્તિકી સમૈયામાં નવનિર્મિત પ્રવેશદ્વાર અને કુમાર શાળાના ભવનનું લોકાર્પણ કર્યું હતું. વડતાલમાં તેમણે નશામુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા સંતો અને હરિભક્તોને વ્યસનમુક્તિના અભિયાનમાં જોડાવા અપીલ પણ કરી હતી. આણંદ ખાતે દાદા ભગવાનની જન્મજયંતીના મહોત્સવમાં મુખ્યમંત્રીએ દાદા ભગવાનનાં દર્શન કરી મન, વચન અને કર્મથી માનવકલ્યાણની સેવા કરવાની પ્રેરણા અને આશીર્વાદ મેળવ્યા હતા. ત્રિમંત્રના પઠન, પૂજન અને આરતી સહિતની ધાર્મિક વિધિઓમાં પણ તેઓ જોડાયા હતા. આ પ્રસંગે પૂજ્ય દ્વારા 'શંકા બુક' ભેટ આપી હતી. આગામી જન્મજયંતી મહોત્સવ જામનગરમાં યોજવાની જાહેરાત પણ કરવામાં આવી હતી.

### સુરત અને ઉધના સ્ટેશન પર મળશે મોબાઈલ ચાર્જિંગની આધુનિક સુવિધા

સુરતઃ સુરત અને ઉધના રેલવે સ્ટેશન પર મોબાઈલ ચાર્જિંગ કિયોસ્ક સાથે ડિજિટલ જાહેરાત સ્ક્રીન લગાવવામાં આવશે. આ યોજના હેઠળ સુરત સ્ટેશન પર 16 જગ્યાએ કુલ 20 ડિજિટલ LED સ્ક્રીન અને ઉધના સ્ટેશન પર એક જગ્યાએ કિયોસ્ક લગાવાશે. એટલે કુલ 17 જગ્યાએ આ સુવિધા વિકસાવાશે. દરેક કિયોસ્કમાં 55 ઇંચની ડિજિટલ સ્ક્રીન, ઓછામાં ઓછા છ મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ અને મોબાઈલ મૂકવા માટે ખાસ સ્ટેન્ડ હશે. મુસાફરો રાહ જોતી વખતે મોબાઈલ ચાર્જ કરી શકશે અને સ્ક્રીન પરથી મહત્ત્વની માહિતી પણ મેળવી શકશે. ડિજિટલ સ્ક્રીન પરના કુલ સમયનો 50 ટકા હિસ્સો રેલવેની સૂચના અને પ્રચાર માટે અનામત રહેશે, જ્યારે બાકીનો 50 ટકા સમય કોમર્શિયલ જાહેરાતો માટે વપરાશે. આ પહેલથી સુરત અને ઉધના સ્ટેશન પર મુસાફર સુવિધાઓના આધુનિકીકરણને વેગ મળશે.

# એક જ IP એડ્રેસ પરથી બલ્ક GST રિટર્ન ભરનારા ભેરવાશે

**બોગસ** બિલિંગના માસ્ટરમાઇન્ડ સુધી પહોંચવા વિભાગની ચાલ

**એક** જ કોમ્પ્યુટર પરથી અનેક પેઢીના રિટર્ન-રિફંડ ભરાતા હોવાનો ડેટા એકઠો કરાયો

સુરતઃ બોગસ બિલિંગ અને ITC કૌભાંડ ડામવા GST વિભાગે હવે ટેકનોલોજી આધારિત તપાસ વધુ તેજ કરી છે. જે કોમ્પ્યુટર પરથી એકથી વધુ પેઢીના રિટર્ન ભરાતા હોય કે રિફંડનો દાવો કરાતો હોય, તેના IP એડ્રેસ પર વિભાગ ચાંપતી નજર રાખી રહ્યું છે. અત્યાર સુધી પકડાયેલા મોટાભાગના કૌભાંડોમાં એક જ વ્યક્તિ કે ચોક્કસ ટોળકી દ્વારા એક જ જગ્યાએથી રિટર્ન ફાઇલિંગ સહિતનું કામ થતું હોવાનું બહાર આવ્યા બાદ નિર્ણય લેવાયો છે.

### કન્સલ્ટન્ટ-એકાઉન્ટન્ટ રડાર પર

સામાન્ય રીતે વેપારી કરતાં ટેક્સ કન્સલ્ટન્ટ, એકાઉન્ટન્ટ અને CA દ્વારા દર મહિને સૌથી વધુ GST રિટર્ન ભરવામાં આવે છે. સિસ્ટમની ટેકનિકલ ખામીઓ જાણતા કેટલાક તત્વો માલની હેરફેર વિના જ કરોડોની બોગસ ITC પાસ-ઓન કરવાની લાલચ આપી વેપારીઓને આ રેકેટમાં ખેંચતા હોવાનું વિભાગના ધ્યાને આવ્યું છે. તાજેતરમાં IP એડ્રેસ ટ્રેકિંગના આધારે જ વિભાગે મોટા બોગસ બિલિંગ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

### રિફંડ અને ITCના પૈસાની હેરફેરની તપાસ

એક જ કોમ્પ્યુટર પરથી અનેક પેઢીના રિટર્ન ભરાય ત્યારે IP એડ્રેસ એક જ રહે છે. વિભાગે આવા ચોક્કસ IP પરથી ફાઇલ થયેલા તમામ રિટર્નનો ડેટા ભેગો કરી ઊંડી ચકાસણી શરૂ કરી છે. જેમાં કઈ વ્યક્તિ કે પેઢીએ સૌથી વધુ ITC ક્લેઇમ કરી? બોગસ ITC ઉપાડ્યા બાદ પૈસા ક્યાં મોકલાયા અને તેનો શું ઉપયોગ થયો? આ બધી કડી જોડીને વિભાગ હવે માત્ર ડમી સંચાલકોને બદલે કૌભાંડના અસલી સૂત્રધાર સુધી પહોંચવા કાર્યવાહી કરી રહ્યું છે.

### IP ટ્રેકિંગ કેવી રીતે કામ કરશે?

- એક જ સિસ્ટમ પરથી ફાઇલ થતા બલ્ક રિટર્ન અને રિફંડ અરજીઓનું લિસ્ટિંગ.
- શંકાસ્પદ IP સાથે જોડાયેલી તમામ પેઢીના ટર્નઓવર અને E-way બિલની ક્રોસ-વેરિફિકેશન તપાસ.
- ITC લેનાર અને તેને રોકડમાં ફેરવનાર ચેઇનનું ટ્રેકિંગ.

### કોસાડ-ગોથાણ વચ્ચે ટ્રેક પરથી મહિલાનો મૃતદેહ મળ્યો

સુરતઃ આજે વહેલી સવારે આશરે 4 વાગ્યાના અરસામાં કોસાડ અને ગોથાણ રેલવે સ્ટેશન વચ્ચે બે ટ્રેકની વચ્ચેથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. આશરે 40 વર્ષની આ મહિલાની ઓળખ થઈ શકી નથી. મૃતદેહની હાલત અત્યંત ક્ષત-વિક્ષત હતી અને બંને હાથ તથા બંને પગ કપાયેલી હાલતમાં મળી આવતાં ઘટનાસ્થળે અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં રેલવે પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો. બીજી તરફ, મૃતક મહિલાની ઓળખ મેળવવા માટે આસપાસનાં પોલીસ મથકોમાં ગુમ થયેલી મહિલાઓ અંગેની વિગતો તપાસવામાં આવી રહી છે. મહિલાનું મોત ટ્રેનની અડફેટે આવવાથી થયેલો અકસ્માત છે કે પછી તેની પાછળ કોઈ અન્ય કારણ જવાબદાર છે, તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મહિલાના મોતનું ચોક્કસ કારણ જાણી શકાશે.

# મોંપરખાતરની બેગ ચઢાવી દોરડું બાંધેલી મહિલાની લાશ મળી

**ચલથાણ** નજીકની નહેરમાંથી અજાણી આધેડ મહિલાનો મૃતદેહ મળ્યો, હત્યા કરાઈ હોવાની આશંકા



ઈલ્યાસ શેખ

પલસાણાઃ પલસાણામાં ચલથાણ નજીક આવેલી ઉકાઈ ડાબા કાંઠાની બગુમરા માઇનોર નહેરમાંથી અજાણી આધેડ મહિલાનો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મહિલાની ઉંમર આશરે 50થી 55 વર્ષ હોવાનું પ્રાથમિક અનુમાન છે. મૃતદેહની હાલત જોતા મહિલાની હત્યા કરી ઓળખ છુપાવવાના ઇરાદે નહેરમાં ફેંકી દેવામાં આવી હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

સાંકી ગામથી ચલથાણ તરફ આવતી બગુમરા માઇનોર નહેરમાં સ્થાનિક લોકોને એક મહિલાનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો. આ અંગે તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવતાં કડોદરા GIDC પોલીસ મથકના PSI મિલન રામાણી પોલીસ ટીમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે સ્થાનિક લોકોની મદદથી નહેરમાંથી મૃતદેહ બહાર કઢાવ્યો હતો. પ્રાથમિક તપાસ દરમિયાન મહિલાના ગળામાં દોરી બાંધેલી હોવાનું તેમજ તેના મોં પર પીળા રંગની ખાતરની બેગ ચઢાવી દોરડાથી બાંધવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું.

જેથી મહિલાની દોરી બાંધી હત્યા કરવામાં આવી હોવાની આશંકા પોલીસ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ મૃતક મહિલાની ઓળખ મેળવવા તથા ઘટનાના સાચા કારણ સુધી પહોંચવા પોલીસે તપાસ હાથ ધરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મહિલાના મોતનું ચોક્કસ કારણ અને સમય જાણી શકાશે. આ બનાવને પગલે પંથકમાં અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### બસ અકસ્માતમાં...

તેમનાં પત્ની બદામી દેવીનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે તેમનો 25 વર્ષીય પુત્ર ભાવેશ બીજી બસમાં મુસાફરી કરી રહ્યો હોવાથી તેનો આબાદ બચાવ થયો હતો. એક જ પરિવારના બે સભ્યોનાં મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે, જ્યારે સુરતના જૈન સમાજમાં પણ ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના પાલ વિસ્તારમાં આવેલી વેસ્ટર્ન સોમ ચિંતામણી રેસિડેન્સીમાં 51 વર્ષીય બાબૂલાલ વંશરાજ જૈન પરિવાર સાથે રહેતા હતા. તેઓ શહેરમાં ટેક્સટાઇલ એટલે કે કાપડ દલાલીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમનો 25 વર્ષીય પુત્ર ભાવેશ પણ પિતા સાથે જ વ્યવસાયમાં જોડાઈને પરિવારના કામકાજમાં મદદ કરતો હતો. પરિવાર ધાર્મિક સ્વભાવ ધરાવતો હોવાથી અવારનવાર ધાર્મિક યાત્રાઓ અને જાત્રાઓમાં જોડાતો હતો. આ વખતે પણ બાબૂલાલ જૈન, તેમનાં 49 વર્ષીય પત્ની બદામી દેવી અને પુત્ર ભાવેશ એમ પરિવારના ત્રણ સભ્યો આયોજન હેઠળ સમેતશિખરજીની યાત્રાએ ગયા હતા. જૈન સમાજના સૌથી પવિત્ર અને મહત્ત્વના તીર્થસ્થળોમાં સ્થાન ધરાવતા સમેતશિખરજીની યાત્રા માટે સુરતથી અંદાજે 350 જેટલા શ્રદ્ધાળુઓનો સંઘ રવાના થયો હતો. આ સંઘ ગત 10 નવેમ્બરની રાત્રે સુરતથી નીકળ્યો હતો. ત્યારબાદ ટ્રેન મારફતે યાત્રાળુઓ ઝારખંડ પહોંચ્યા હતા અને સમેતશિખરજીની ધાર્મિક યાત્રા પૂર્ણ કરી હતી. અનેક દિવસોની યાત્રા અને ધાર્મિક વિધિઓ પૂર્ણ થયા બાદ તમામ શ્રદ્ધાળુઓ ખુશી સાથે પરત ફરી રહ્યા હતા. યાત્રાળુઓ ટાટાનગરથી ટ્રેન પકડવા માટે 8થી 10 બસ મારફતે જઈ રહ્યા હતા ત્યારે રાત્રિના સમયે અચાનક એક બસ ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે બસ કાબૂ ગુમાવીને રસ્તા પરથી નીચે ખીણમાં ખાબકી હતી. આ બસમાં બાબૂલાલ જૈન અને તેમનાં પત્ની બદામી દેવી પણ મુસાફરી કરી રહ્યાં હતાં. અકસ્માતમાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

### સમાજની પરંપરા...

સમેતશિખરજીની પવિત્ર ભૂમિ પર જ કરવામાં આવશે. બંનેના મૃતદેહ સુરત લાવવામાં આવશે નહીં. ત્યાં જ તેમની વૈકુંઠી કાઢવામાં આવશે. ત્યારબાદ સમાજના આગેવાનો અને મહાનુભાવો ભાવેશને સુરત પરત લાવશે.

### લાલભાઈ સ્ટેડિયમમાં...

ક્રિકેટ ટીમો વચ્ચે પાંચ T-20 મેચોની શ્રેણીની ત્રણ મેચ રમાશે. શ્રેણીની પ્રથમ બે મેચ વડોદરામાં રમાયા બાદ 1, 3 અને 6 ડિસેમ્બરે સુરતના મેદાન પર ક્રિકેટનો જંગ જામશે. સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (SDCA)ના જણાવ્યા અનુસાર, 1 ડિસેમ્બરે ત્રીજી અને 3 ડિસેમ્બરે ચોથી T-20 મેચ સાંજે 6 વાગ્યે ડે-નાઇટ ફોર્મેટમાં રમાશે, જ્યારે 6 ડિસેમ્બરે પાંચમી અને શ્રેણીની અંતિમ મેચ બપોરે 1 વાગ્યે રમાશે. આ મેચોનું વિશેષ મહત્ત્વ એટલા માટે પણ છે કે વડોદરા અને સુરતની પાંચ મેચોમાં ખેલાડીઓના પ્રદર્શનના આધારે આગામી અંડર-19 મહિલા વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની પસંદગીની દિશા નક્કી થઈ શકે છે. SDCAના સેક્રેટરી હિતેશ ડી. પટેલ (ભરથાણા) અને ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેષ કે. દેસાઈએ જણાવ્યું હતું કે ત્રણેય મેચ માટે સ્ટેડિયમમાં 12 હજાર પ્રેક્ષકોની ક્ષમતા ઉપલબ્ધ રહેશે. ક્રિકેટપ્રેમીઓને વહેલા તે પહેલાના ધોરણે વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે. BCCI અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સહકારથી યોજાનારી આ શ્રેણી દરમિયાન વી.વી.એસ. લક્ષ્મણ, એબી કુરુવિલા સહિત BCCIના મહિલા અંડર-19 ક્રિકેટના સંચાલન સાથે સંકળાયેલા અધિકારીઓ પણ સુરત આવે તેવી શક્યતા છે.

### ભાજપમાં રહી...

છેલ્લું વર્ષ આવ્યું એટલે મુકેશભાઈ ખરાબ થઈ જશે. તેમના આ નિવેદનને ચૂંટણીનું વર્ષ નજીક આવતાં પક્ષમાં સક્રિય થયેલી આંતરિક ખેંચતાણ સાથે જોડવામાં આવી રહ્યું છે. તેમણે વધુમાં સુરત જિલ્લા પંચાયતના સભ્ય બ્રિજેશ પટેલના મુદ્દે પણ પક્ષના જ કેટલાક લોકોની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમના જણાવ્યા મુજબ બ્રિજેશ પટેલને જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ બનતા અટકાવવા માટે ભાજપના જ કેટલાક લોકોએ ઉપર સુધી ચિઠ્ઠીઓ લખી હતી. આ મુદ્દે મુકેશ પટેલે મંચ પરથી પડકાર ફેંકતા કહ્યું હતું કે, બ્રિજેશભાઈ, નામ આપું? જાહેરમાં નામ આપું કે કોણે ચિઠ્ઠી લખી હતી? મારી પાસે બધાં જ નામ છે. તેમણે પક્ષના કાર્યકરોને સ